અપીલ અરજી નં.૩૦૨ તા.૧૮-૧૨-૦૯/૧૦

અરજદાર:- શ્રી મેઘા ધર્મેશ જરીવાલા

સામાવાળા:- ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકત:-

**વિષય :**- આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેઘા ધર્મેશ જરીવાલાની તા.૧૨-૧૧-૦૯ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૯ કતારગામઝોન જુનો રે.સ. નં.૫૫૩/૨ નવો રે.સ. નં.૫૫૩/૩ ફા.પ્લોટ નં.૧૧૬ ફુલપાડા રોડ કાંસાનગર તળાવની સામે ખાતે આવેલ મિલ્કતો સને ૨૦૦૦ થી ૨૦૦૯ સુધી ટેના નં.૧૯એચ-૩૯-૯૭૧-૦-૦૦૧ ,૧૯એચ -૩૯-૦૯૯૧-૦-૦૦ ૧, થી ૦૦૫, ૧૯એચ-૩૯-૦૯૮૧-૦-૦૦૧ થી ૦૦૬ ની નામફેર અરજી રજૂ કરેલ તમામ દસ્તાવેજોની નકલ સહી સિકકા સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૧૮-૧૨-૦૯ ની અપીલ અરજી નં.૩૦૨/૨૦૦૯-૧૦

શ્રી મેઘા ધર્મેશ જરીવાલાની તા.૧૨-૧૧-૦૯ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૯ કતારગામઝોન જુનો રે.સ. નં.૫૫૩/૨ નવો રે.સ. નં.૫૫૩/૩ ફા.પ્લોટ નં.૧૧૬ ફુલપાડા રોડ કાંસાનગર તળાવની સામે ખાતે આવેલ મિલ્કતો સને ૨૦૦૦ થી ૨૦૦૯ સુધી ટેના નં.૧૯એચ-૩૯-૯૭૧ -૦-૦૦૧ ,૧૯એચ -૩૯-૦ ૯૯૧ -૦-૦૦ ૧, થી ૦૦૫, ૧૯એચ-૩૯-૦૯૮૧-૦-૦૦૧ થી ૦૦૬ ની નામફેર અરજી રજૂ કરેલ તમામ દસ્તાવેજોની નકલ સહી સિકકા સાથેની માહિતી આપવા બાબતે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૦૫ તા.૯-૧૨-૦૯ થી મળેલ પ્રતિભાવ અનુસાર માંગેલ માહિતી નકલો એકબીજા સાથે સુસંગત નથી તથા અપૂરતી અયોગ્ય અને ગેરમાર્ગે હોવાનું જણાવી તેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮-૧૨-૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૧ તા.૨૪-૧૨-૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/ એઆરડી/૭૬૯ તા.૮-૧-૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં ટેના નં.૧૫જી-૩૧-૫૯૨૧ -૦ -૦૦૧ , નં.૧૫જી-૩૧-૫૯૩૧-૦-૦૦૧ થી ૦૦૬ , નં.૧૫જી-૩૧ -૫૯૪૧ -૦-૦૦૧ થી ૦૦૫ ના પાર્ટીસ્ટેટસની નકલ, નં.૧૯ઈ-૩૯-૯૪૧-૦-૦૦૧ , નં.૧૯ઈ-૩૯-૯૫૧-૦-૦૦૧ , નં.૧૯ઈ-૩૯-૯૬૧-૦-૦૦૧ , નં.૧૯ઈ-૩૯-૯૭૧-૦-૦૦૧, નં.૧૯ઈ-૩૯-૯૮૧-૦-૦૦૧થી ૦૦૫ , નં.૧૯ઈ-૩૯-૯૯૧-૦-૦૦૧ થી ૦૦૫ , નં.૧૯ઈ-૩૯-૧૦૦૧-૦-૦૦૧ ટેનામેન્ટના સને ૨૦૦૦-૨૦૦૧ થી સને ૨૦૦૩ -૦૪ ના એસેસમેન્ટના રજીસ્ટરની નકલ તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૦૫ તા.૯-૧૨-૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૨-૧૧-૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ ટેના નંબરોવાળી મિલ્કતોના ટ્રાન્સફર કરવા માટે આપવામાં આવેલ તમામ દસ્તાવજેની નકલોની સહી સિકકાવાળી નકલની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૭૦૫ તા.૯-૧૨-૦૯ થી પાના નંગ ૨૮ પ્રતિ પાનાદીઠ રૂા.૨/- લેખે કુલ્લે રૂા. ૫૬/- ભરપાઈ કરી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે રસીદ નં.૧૪૧૨૬૪ તા.૧૧-૧૨-૦૯ થી રૂા.૫૬/- ભરપાઈ કરી માહિતી મેળવેલ જણાય છે. જેના અનુસંધાને અરજદારે માંગેલ માહિતી સામે આપેલ નકલો અપૂરતી ,અયોગ્ય અને ગેરમાર્ગે દોરતી હોવા બાબત જણાવી નારાજ થઈ તા.૧૮-૧૨-૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં સદર મિલ્કતોની વિગતો કોના નામ ઉપર દાખલ કરવામાં આવેલ છે તેમજ કોઈ પણ પ્રકારના નામફેર અંગેની તમામ માહિતીની નકલો આપવા અંગેની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રમાં જણાવેલ છે કે નામ ટ્રાન્સફરના દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાથી વિકલ્પરૂપે સને ૨૦૦૦-૦૧ થી ૨૦૦૩-૦૪ ના રજીસ્ટરના પાના તથા પાર્ટી સ્ટેટસની નકલો પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે સદર નકલો વ્યવસ્થિત આપવામાં આવેલ ન હોય અપૂરતી જણાય છે. જે પાનાની નકલો એક બીજા સાથે સુસંગત નથી તેમજ દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે પરંતુ તેનું કોઈ કારણ આપવામાં આવેલ કે નાશ કરવામાં આવેલ હોય તો નાશ કર્યા અંગેની તારીખ અને કોની મંજુરીથી નાશ કરવામાં આવેલ છે અને સદર રેકર્ડ નાશ કરવા જોગ હતો કે કેમ જેની માહિતી આપવામાં આવેલ નથી.આમ તમામ બાબતો જોતાં સદરહુ માહિતી ઈરાદાપૂર્વક અપૂરતી આપવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા આકારણી તુમાર પૈકી નામ ટ્રાન્સફર માટે રજૂ થયેલ અરજી તથા દસ્તાવેજો નાશ કે નિકાલ કર્યા બાબતની આધારભુત માહિતી અરજદારને પૂરી પાડેલ નથી. આરટીઆઈ એકટની કલમ-૪(૧)(બી) અન્વયે મેન્યુઅલ-૬ હેઠળ આ પ્રકારની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે જેમાં જાહેર માહિતી અધિકારી પાસેના કક્ષાવાર ઉપલબ્ધ રેકર્ડની સુચિનો સમાવેશ થાય છે. વધુમાં અરજદારે માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ-૧૧ હેઠળ પણ સમાવેશ થતી હોવાનું પ્રથમદર્શી જણાય છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તે અંગે આવી કોઈ પ્રક્રિયા હાથ ધરેલ જણાતી નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨-૧૧-૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી રેકર્ડ ઉપલબ્ધ ન હોવા બાબતે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, અરજદારને પૂરી પાડવા તથા માહિતી હેઠળના અરજદારે માંગેલ દફતર પુરતું લાગત દફતરનું ઈન્સ્પેકશન અત્રેની જાણ હેઠળ અરજદારને દિન-૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૧ -૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મેઘા ધર્મેશ જરીવાલા,